# સચિને અલવિદા કહેતા કરોડો ચાહકોની આંખો ભીંજાઈ

મુંબઈ,તા. ૧૬

માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકરે આજે ભાવનાશીલ બનીને ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહેતા કરોડો ક્રિકેટ ચાહકોની આંખો ભીની થઈ ગઈ હતી. આ પ્રસંગે સ્ટેડિયમમાં હાજર રહેલા લોકો પણ તેમના આંસુ રોકી શક્યા ન હતા. સચિન તેન્ડુલકર જ્યારે વાનખેડે સ્ટેડિયમમાં વિદાય ભાષણ આપી રહ્યો હતો ત્યારે તેના પરિવારની સાથે સાથે અનેક મહાનુભાવોની આંખોમાં પણ આંસુ જોઈ શકાતા હતા. માસ્ટર બ્લાસ્ટરને રવિ શાસ્ત્રીએ માઈક આપીને કાંઈક કહેવા માટે કહેતા જ સમગ્ર વાનખેડે સ્ટેડિયમ પર સચિન સચિન સચિન ના નારા ગુંજી ઉઠ્યા હતા. ક્રિકેટના ઈતિહાસમાં કોઈ પણ ક્રિકેટરને આ પ્રકારનું સન્માન આજ સુધી અપાયુ નથી. આખરે સચિન તેન્ડુલકરને કહેવું પડ્યુ હતુ કે શાંતિ જાળવો પોતાની જગ્યાએ બેસો અને મને બોલવાની તક આપો. સચિને એમ પણ કહ્યુ હતુ કે તેને વિશ્વાસ થઈ રહ્યો નથી કે ૨૪ વર્ષથી જારી ક્રિકેટનો આ સફર તે સમાપ્ત કરી રહ્યો છે. આના માટે સચિને તમામનો આભાર માન્યો હતો. સચિને કહ્યુ હતુ કે તમામનો તેને ટેકો મળ્યો છે. તે કેટલાક નામ ભૂલી જાય તે શક્ય છે પરંતુ એવા લોકો સમજી જશે જે હંમેશા તેની સાથે ઉભા રહ્યા છે. સચિને કહ્યુ હતુ કે વાત કરવી મુશ્કેલ છે પરંતુ તે મેનેજ કરી લેવાની સ્થિતિમાં છે. સચિને પોતાના પિતાને યાદ કર્યા હતા અને કહ્યુ હતુ કે ૧૯૯૯માં તેના પિતાનું અવસાન થયુ હતુ. તેમના માર્ગદર્શન વગર તે ક્યારે પણ આ સિદ્ધિ પર પહોંચી શક્યો ન હતો. ૧૧ વર્ષની વયમાં પિતાએ તેને આ આઝાદી આપી હતી કે તે પોતાના સ્વપ્નને પરિપૂર્ણ કરી શકે. સચિને કહ્યુ હતુ કે તેના પિતાએ સલાહ આપતા કહ્યુ હતુ કે સફળતા મેળવવા માટે કોઈ શોર્ટકટ હોઈ શકે નહીં. તેઓએ તેને જે રાહ અને માર્ગ બતાવ્યો હતો તેના પર તે આજે પણ કાયમ રહ્યો છે. રસ્તો મુશ્કેલ હોઈ શકે પરંતુ હાર માનવી જોઈએ નહીં. સચિને એમ પણ કહ્યુ હતુ કે તેની માતાએ તેના માટે ખૂબ બલિદાન આપ્યુ છે. તે ખૂબજ તોફાની બાળક તરીકે હતો. પોતાના શરૂઆતી દિવસોને યાદ કરતા કહ્યુ હતુ કે ચાર વર્ષ સુધી તેને પોતાના અંકલ આન્ટી પાસે રહેવાની ફરજ પડી હતી કારણ કે તેનાથી સ્કૂલ ખૂબ દૂર હતી અને તે ક્રિકેટની પ્રેક્ટીશ કરી શકે. અંકલ આન્ટીએ તેને પોતાના પુત્રની જેમ રાખ્યો હતો આજે તે તેમનો આભાર માને છે. પોતાના ભાઈને યાદ કરતા સચિને કહ્યુ હતુ કે ભાઈ નીતિને હમેશા પ્રોત્સાહન આપ્યુ છે જ્યારે તેની બહેન સવિતાએ તેને પ્રથમ બેટ ભેટમાં આપ્યુ હતુ જ્યાંથી તેની કેરિયર શરૂ થઈ હતી. તેના ભાઈ અજિતે તેની કેરિયર બનાવવા માટે પોતાની કેરિયરને ગુમાવી દીધી છે. તે સૌથી પહેલા ૧૧ વર્ષની વયમાં કોચ આચરેકર પાસે તેને લઈ ગયો હતો. ત્યાંથી જ તેની લાઈફમાં ટર્નિંગ પોઈન્ટ આવ્યો હતો. પોતાની પત્નિ અંજલીની પણ સચિને વાત કરી હતી. ૧૯૯૧માં તે અંજલીને પ્રથમ વખત મળ્યો હતો. સચિને કહ્યુ હતુ કે તે જાણતો હતો કે અંજલી તબીબ છે અને તેની સામે એક ખૂબ સારી અને લાંબી કેરિયર છે. જ્યારે પારિવારને આગળ વધારવાની વાત અંજલીને કરી હતી ત્યારે અંજલીએ તેને ખાતરી આપી હતી કે પરિવારની જવાબદારી તે ઉપાડશે અને ક્રિકેટ પ્રત્યે જ ધ્યાન આપવા માટે મને કહ્યુ હતુ. પત્નિના યોગદાન વગર પણ તે આજે આ સિદ્ધિ પર પહોંચી શક્યો ન હતો. બાળકોનો ઉલ્લેખ કરતા સચિને કહ્યુ હતુ કે તેની લાઈફમાં બે હિરાઓ છે જે તેના બાળકો છે. અર્જુન અને સારાનો ઉલ્લેખ કરાત તેણે કહ્યુ હતુ કે આ બાળકો હવે મોટા થઈ રહ્યા છે. સારા ૧૬ વર્ષની છે જ્યારે અર્જુન ૧૪ વર્ષનો થયો છે. તે હંમેશા તેમની સાથે સમય ગાળવા ઈચ્છતો હતો પરંતુ આ બાબત શક્ય બની ન હતી. તેમના સ્પોર્ટ્સ બેગ, સ્કૂલ કાર્યક્રમો અને અનેક પ્રસંગો પર તે સાથે રહી શકતો નહતો. પરંતુ બાળકોએ આ વાત સમજી હતી. સચિને અન્ય તમામ મુદ્દાઓ પર વાત કરી હતી જેમાં એમસીએ અને બીસીસીઆઈના સમર્થનનો ઉલ્લેખ કર્યો હતો. પોતાના ગુરુ આચરેકરનો આભાર માન્યો હતો અને કહ્યુ હતુ કે આચરેકર તેની ક્રિકેટ પ્રેક્ટિસ માટે તેને ૧૧ વર્ષની વયથી શિવાજી પાર્કથી લઈને આઝાદ મેદાન સુધી ફરતા હતા. એક મેદાનથી બીજા મેદાન સુધી તેને પ્રેક્ટિસ કરવા માટે લઈ જતા હતા. ગુરુએ ક્યારે વેલ પ્લેડ કહ્યુ ન હતુ કારણ કે તેમને એવી દહેશત હતી કે જો તેઓ વેલપ્લેડ કહેશે તો સારી રમત રમવાનું તે છોડી દેશે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ઉપર રમાયેલી બીજી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ મેચની પૂર્ણાહૂતિ બાદ સચિન તેંડુલકર માટે સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સચિન તેંડુલકરને જુદી જુદી સંસ્થાઓ તરફથી એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. સચિન તેંડુલકરે મેચ બાદ પોતાની કેરિયરની વિસ્તારપૂર્વક વાત કરી હતી. માસ્ટર બ્લાસ્ટરે પોતાની કેરિયરની શરૂઆતથી લઈને તમામ ક્ષણોની વાત કરી હતી. તેને આગળ લઈ જવામાં ભૂમિકા અદા કરનાર લોકો પોતાના સાથી ખેલાડીઓ તમામ અંગે સચિને વાત કરી હતી. સચિને ટીમ ઈન્ડિયાના કરોડો ચાહકોનો આભાર માન્યો હતો. તેને કહ્યું હતું કે ચાહકો, મીડિયા, તેમના તબીબો, તેમના સાથી ખેલાડીઓ વગર તે આ સિદ્ધિ ઉપર પહોંચી શક્યો ન હોત.



## સચિનને ઘરની જવાબદારી હવે સોંપશે : પત્નિ અંજલી

મુંબઈ, તા.૧૬

ભારતના મહાન બેટ્સમેન સચિન તેન્ડુલકરે આજે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. જાહેરાત મુજબ જ આજે ક્રિકેટમાંથી વિદાય લીધી હતી. મેચ બાદ સચિનના પત્નિ અંજલી તેન્ડુલકરે કહ્યુ હતુ કે હવે સચિન તેન્ડુલકર નિવૃત્ત થઈ ચુક્યો છે અને તેમને હવે કેટલીક ઘરની મોટી જવાબદારી સોંપશે. સચિનના વિદાય ભાષણ બાદ સ્ટાર સ્પોર્ટ્સને આપવામાં આવેલા એક ઈન્ટરવ્યૂમાં અંજલીએ કહ્યુ હતુ કે સચિન એક એવી વ્યક્તિ છે જેને જે સમય લાગશે કે તે સારુ કામ કરી રહ્યા નથી ત્યારે તે નિવૃત્ત થઈ જશે. સચિન આજે ૨૦૦મી ટેસ્ટ રમીને નિવૃત્ત થયો છે. અંજલીએ કહ્યુ હતુ કે થોડાક દિવસ પહેલા જ સચિને નિવૃત્તિ લેવાની વાત કરી હતી. આમાં અમે સહમતિ આપી હતી. અંજલીએ એમ પણ કહ્યુ હતુ કે હવે સચિનને કેટલો સમય મળે છે તે અમારા માટે મહત્વપૂર્ણ બાબત છે. સચિનના ભાવનાશીલ બની જવાના પ્રશ્ને અંજલી કહ્યુ હતુકે સચિન હમેશાથી જ પોતાની ભાવનાઓને છુપાવવામાં ખૂબજ કુશળ રહ્યો છે. સચિન ક્યારે દર્શાવતો નથી કે તે ટેન્શનમાં છે અથવા તો તે ભાવનાશીલ છે પરંતુ આજે માહોલ અલગ હતો. સચિન તેન્ડુલકર આજે વિદાય ભાષણ આપી રહ્યો હતો ત્યારે તેની પત્નિ અંજલી પણ રડી પડી હતી. તેના બંને બાળકો પણ ભાવનાશીલ દેખાઈ રહ્યા હતા. સચિન પોતે પણ પોતાની ભાવનાઓને આજે પ્રથમ વખત કાબૂમાં રાખી શક્યો ન હતો. સ્વભાવિકપણે આજનો દિવસ સચિન તેન્ડુલકરના પરિવાર માટે સૌથી મોટો દિવસ હતો. પરિવારના અન્ય તમામ સભ્યો પણ આ પ્રસંગે સચિનની સાથે ઉપસ્થિત હતા.



### ધોની અને કોહલીએ સચિનને ઉઠાવી લીધો

સચિનને અભૂતપૂર્વ વિદાય આપવા સાથે સાથેનો ઘટનાક્રમ નીચે મુજબ છે.

- મહેન્દ્રસિહ ધોની અને વિરાટ કોહલીએ સચિનને ખભા પર ઉઠાવી લીધો
- સચિન સ્ટેડિયમમાં જોરદાર ભીડ વચ્ચે પોતાના હાથમાં તિરંગા સાથે ફર્યો
- સચિનની સાથે તેની પત્ની અંજલી, પુત્રી સારા અને પુત્ર અર્જુન પણ જાડાયા
- વિરાટ કોહલીએ સચિનને નીચે ઉતારતા શિખર ધવનને સચિનને ખભા પર ઉઠાવી લીધો હતો
- સમગ્ર સ્ટેડિયમમાં ચાહકોમાં ઉત્સાહ અને ભાવનાશીલ માહોલ સર્જાયો
- ધોની દૂર થાય બાદ તરત જ મુરલી વિજયે સચિનને ખભા પર ઉઠાવી લીધો
- સચિન તેન્ડુલકરનું જુદી જુદી સંસ્થાઓ દ્વારા સન્માન કરવામાં આવ્યુ
- માસ્ટર બ્લાસ્ટરને નિહાળવા માટે મેદાન પર આજે મોટી સંખ્યામાં ચાહકો ઉમટી પડ્યા
- ટેલિવિઝન પર સચિનના કરોડો ચાહકો ગોઠવાયેલા રહ્યા
- સચિનના ભાષણને ઉત્સુકતાપૂર્વક લોકો સાંભળી રહ્યા હતા
- સચિન તેન્ડુલકરની કોઈની સાથે સરખામણી ન થઈ શકે તેવી પ્રતિક્રિયા અપાઈ
- અમિતાભ બચ્ચન અને બોલિવુડની અન્ય હસ્તીઓ પણ ભાવનાશીલ બની
- વિવિએસ લક્ષ્મણના કહેવા મુજબ સચિન ક્રિકેટનો આદર્શ હિરો છે

## છત્તીસગઢમાં સંઘ તેમજ વિહીપે મોરચા સંભાળ્યા

રાયપુર, તા.૧૬

છત્તીસગઢમાં ભાજપ અને તેમના સાથી પક્ષોએ ૧૯મી નવેમ્બરના દિવસે યોજાનારી ચૂંટણી માટે જીત મેળવવા તમામ તાકાત લગાવી દીધી છે. આના માટે સંઘ, વિશ્વહિન્દુપરિષદ અને વનવાસી કલ્યાણ આશ્રમ જેવી સંસ્થાઓ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત બની ગઈ છે. આ તમામ સંસ્થાઓ ભાજપને ત્રીજી વખત સત્તામાં લાવવા માટે મતદારો સુધી પહોંચવા પ્રયત્નશીલ બની ગઈ છે. કાર્યકરોને લઈને બેઠકો પણ શરૂ થઈ ચુકી છે. પ્રથમ ચરણના મતદાન બાદ બસ્તર અને રાજનાંદ ગાવ જિલ્લામાં ઓછી સીટો રહયાના સંકેત મળ્યા બાદ વિશ્વહિન્દુ પરિષદ અને સઘના લોકોએ મોરચા સંભાળી લીધા છે. બીજા તબક્કામાં અનેક મોટા નેતાઓની પ્રતિષ્ઠા દાવ પર લાગેલી છે. ભાજપના શક્તિશાળી નેતા બ્રજમોહન અગ્રવાલ રાયપુર દક્ષિણમાં બંધાઈ ગયા છે. પોતાના ક્ષેત્રને છોડીને અન્યત્ર જઈ રહ્યા નથી. જ્યારે પ્રદેશ અધ્યક્ષ રામસેવક પોતાના ક્ષેત્રથી બહાર નિકળી શકતા નથી. આવી સ્થિતિમાં પ્રચાર માટે વિહીપ અને સંઘે પણ બાજી સંભાળી લીધી છે. બસ્તર વિસ્તારમાં ભાજપને ઓછી બેઠકો મળવાના સંકેત મળી રહ્યા છે. ૨૦૦૮માં બસ્તર ક્ષેત્રમાં ભાજપને ૧ ૨માંથી ૧ ૧ બેઠકો મળી હતી.

## જમ્મુ કાશ્મીરમાં ૩.૮ની તિવ્રતાનો હળવો આંચકો

શ્રીનગર, તા.૧૬

જમ્મુ કાશ્મીરના જુદા જુદા વિસ્તારો આજે સવારે હળવા ભૂકંપના આંચકાના કારણે હચમચી ઉઠ્યા હતા. જો કે જાનમાલના નુકસાનના કોઈ પણ અહેવાલ મળ્યા નથી. હવામાન વિભાગના અધિકારીએ માહિતી આપતા કહ્યુ છેકે રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૮ જેટલી આંકવામાં આવી હતી. આંચકો ૩.૫૧ વાગ્ય અનુભવાયો હતો. જમ્મુ કાશ્મીરમાં ભૂકંપનું કેન્દ્ર રહ્યુ હતુ. જમ્મુ કાશ્મીર ભૂંકપની દૃષ્ટિએ સૌથી સંવેદનશીલ વિસ્તારો પૈકી આવે છે. ભૂતકાળમાં વારંવાર આંચકા આવ્યા રહયા છે. ઓક્ટોબર ૨૦૦૫માં ૭.૮ની તીવ્રતાનો પ્રચંડ આંચકો અહીં અનુભવાયો હતો જેમાં ભારત અને પાકિસ્તાનના ક્ષેત્રમાં ૪૦ હજારથી વધુ લોકોના મોત થયા હતા. જમ્મુ કાશ્મીરમાં થોડાક દિવસ પહેલા પણ આંચકો આવ્યો હતો. જમ્મુ કાશ્મીર ઉપરાંત દિલ્હી અને અન્ય વિસ્તારમાં પણ હાલમાં આંચકો આવ્યો હતો.

### હળવાશની ક્ષણોમાં ! (પાના નં. ૪નું ચાલુ)

પરંતુ તેમ છતાં દરેક ભિક્ષુકને તે દિવાળીની બોણી લાગી!

આ વર્ષે કેટલાક કોર્પોરેટ ગૃહોએ દિવાળીની બોણી તરીકે ડ્રાયફ્રુટ, ચોકલેટ ઉપરાંત અન્ય કેટલીક ચીજોના 'ગિફ્ટ પેક' પણ તૈયાર કરાવડાવ્યા હતા! અન્ય કેટલીક ચીજોની શોર્ટેજ હોવાને કારણે આમાં 'થોડું મોડું થયું અને દેવદિવાળી નજીક આવી ગઇ!'

અમારા એક પરિચિતને ત્યાં દેવદિવાળીના આગલા દિવસે 'ગિફ્ટ પેક' નો ઢગલો થઇ ગયો!

એક 'ગિફ્ટ પેક' ખોલતાં તેમાંથી ૫ કિલોની પ્યાજનું પેકીંગ નીકળ્યું! પેકીંગ પર લખેલ હતું 'Tearless' પ્યાજ!'

આ જોઇને તેમણે આનંદનો આંચકો અનુભવ્યો! કારણ કે હમણાં છેલ્લા કેટલાક સમયથી પ્યાજ લગભગ 'પ્લેટીનમ'ના ભાવે મળે છે અને તેમાં વળી આ તો 'Tearless' પ્યાજ હતી' ' કૃષિ વૈજ્ઞાનિકોએ એવી પ્યાજની શોધ કરી છે કે જેમાં પ્રોટીનનું પ્રમાણ ઓછું હોવાને કારણે સમારતી વખતે આંખમાં પાણી આવે નહીં! (જો કે આજકાલ પ્યાજ સમારવાની વાત તો દૂર રહી પણ ભાવ સાંભળીને જ આંખમાં પાણી આવી જાય છે!)

ત્યારબાદ બીજા 'ગિફ્ટ પેક' એક પછી એક ખોલતાં તેમનો આનંદ ચક્રવૃદ્ધિ વ્યાજની રીતે વધતો ગયો કારણ કે દરેક 'ગિફ્ટ પેક'માં પ્યાજ હતી' દેવ દિવાળીના દિવસે 'Tearless' પ્યાજના 'Gift Pack'નો' ઢગલો જોઇને તેમની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયા!

## નરેન્દ્ર મોદીને નોટિસનો જવાબ આપવા ૪ દિનની વધુ મહેતલ

નવી દિલ્હી, તા.૧૬

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને છત્તીસગઢની એક રેલીમાં કરવામાં આવેલા ખૂની પંજા અંગેના સૂચન બદલ ફટકારવામાં આવેલી નોટિસના જવાબ માટે ચૂંટણી પંચ દ્વારા વધુ ચાર દિવસની મહેતલ આપવામાં આવી છે. નરેન્દ્ર મોદી દ્વારા વધુ મહેતલની માંગ કરવામાં આવી હતી. આના જવાબમાં ચૂંટણીપંચે મોદીને ચાર દિવસની મહેતલ આપી છે. હવે મોદીને જવાબ આપવાની અવધિ ૨૦મી નવેમ્બર સુધીની રહેશે. સમય મર્યાદામાં વધારો આજે કરવામાં આવ્યો હતો. અગાઉ ભાજપે ચૂંટણી પંચની નોટિસનો જવાબ આપવા વધારે સમયની માંગ કરી હતી અને કહ્યુ હતુ કે પાર્ટી મોદી સાથે આ મુદ્દે હજુ વાતચીત કરી શકી નથી કારણ કે નરેન્દ્ર મોદી પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીને લઈને તૈયારીઓમાં વ્યસ્ત બનેલા છે. ગયા સપ્તાહમાં ડોંગરગઢમાં એક રેલીને સંબોધતા મોદીએ એમ કહીને ખળભળાટ મચાવી દીધો હતો કે કોંગ્રેસનો હાથ ખૂની પંજા સમાન છે. આ જાલીમ હાથ છે.

કોંગ્રેસના પ્રતિક સામે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા બાદ દેશભરમાં હોબાળો મચી ગયો હતો. કોંગ્રેસ દ્વારા ચૂંટણીપંચ સમક્ષ વિધિવતરીતે ફરિયાદ કરવામાં આવી હતી અને જણાવામાં આવ્યુ હતુ કે મોદી દ્વારા કરવામાં આવેલા સૂચનો ખતરનાક છે અને બદનામ કરનાર છે. ત્યારબાદ ચૂંટણી પંચે નરેન્દ્ર મોદીને નોટિસ ફટકારીને ૧૬મી નવેમ્બર સુધી જવાબ આપવા સૂચના આપી હતી અને આચાર સંહિતાના ભંગ બદલ તેમની સામે પગલા કેમ લેવા જોઈએ નહીં તે અંગે ખુલાસો કરવા કહેવામાં આવ્યુ હતુ. જો કે ભાજપે આ ગાળા દરમિયાન કહ્યુ હતુ કે મોદીએ કોઈ પણ આચારસંહિતાનો ભંગ કર્યો નથી. ભાજપે વધુ સમયની માંગ કર્યા બાદ ચૂંટણી પંચે વિનંતીને ધ્યાનમાં લઈને જવાબ આપવા માટે નરેન્દ્ર મોદીને વધુ ચાર દિવસની મહેતલ આપી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણી પ્રચાર હાલ ચરમસીમા પર છે ત્યારે આક્ષેપ પ્રતિ આક્ષેપનો દોર ચાલી રહ્યો છે.

## યુપીએની નીતિના ખૂબ સારા પરિણામો મળ્યા : વડાપ્રધાન

આઈઝોલ, તા.૧૬

વડાપ્રધાન મનમોહનસિંહે આજે કહ્યુ હતુ કે યુપીએ સરકારની નીતિઓ અને કાર્યક્રમોના પરિણામ સ્વરૂપે સારા પરિણામ મળી રહ્યા છે. દેશે છેલ્લા નવ વર્ષના ગાળામાં સરેરાશ આર્થિકવિકાસદર મેળવ્યો છે. આઈઝોલમાં એક વિશાળ ચૂંટણી રેલીને સંબોધતા સિંહે કહ્યુ હતુકે યુપીએ સરકારની નીતિઓ અને કાર્યક્રમો જે ઝડપી વિકાસ માટે અમલી બનાવવામાં આવ્યા હતા આ તમામ નીતિઓને સારો પ્રતિસાદ મળ્યો છે. અમે છેલ્લા નવ વર્ષમાં રેકોર્ડ સરેરાશ આર્થિકવિકાસદર હાંસલ કર્યો છે જે અગાઉ કોઈ પણ દશકમાં હાંસલ કરવામાં આવેલા સૌથી ઉંચા વિકાસ દર છે. સિંહે એમ પણ કહ્યુ છે કે વર્ષ ૨૦૦૪ બાદથી યુપીએના ગાળા દરમિયાન ગરીબી તીવ્ર રીતે ઘટી છે. અગાઉના દશકમાં હાંસલ કરવામાં આવેલા રેટ કરતા ત્રણગણી ઝડપથી ગરીબી ઘટી છે. ગ્રામીણ વિસ્તારોમાં વપરાશમાં વધારો થયો છે. ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોની લાઈફ સ્ટાઈલમાં સુધારો થયો છે. લોકોની સરેરાશ વય છેલ્લા દશકમાં જે હતી તેના કરતા પાંચ વર્ષ વધી ગઈ છે. તેમણે ઉમેર્યુ હતુકે સરકારે ભ્રષ્ટાચારને રોકવા અને પારદર્શકને વધારવાના હેતુસર શ્રેણીબદ્ધ પગલા લીધા છે. જાહેર સત્તાવાળાઓની કામગીરી વધુ અસરકારક બનાવવામાં આવી છે. વડાપ્રધાને રાઈટ ટુ એજ્યુકેશન, ફુડ સિક્યુરીટી બિલ, મનરેગાનો ઉલ્લેખ કર્યો હતો. સિંહે ઉમેર્યુ હતુ કે રાઈટ ટુ ઈન્ફેરમેશન એક્ટના લીધે આજે સામાન્ય નાગરિકોને સરકારમાં ખાસ નિર્ણય કઈ રીતે લેવામાં આવ્યા તે અંગે જાણવાનો અધિકાર મળ્યો છે. આ ઉપરાંત રાઈટ ટુ એજ્યુકેશન મારફતે પ્રાથમિક શિક્ષણના લાભ તમામ બાળકોને મળી રહ્યા છે. ફુડ સિક્યુરીટી એક્ટના લીધે પણ ગ્રામીણ વિસ્તારના ૭૫ ટકા અને શહેરી વિસ્તારના ૫૦ ટકા લોકોને લાભ મળી રહ્યો છે. મનરેગા યોજના ગ્રામીણ વિસ્તારોમાં દરેક પાંચમા ઘરમાં પહોંચી ચુકી છે. દેશમાં આદિવાસીઓના વિકાસ માટે પણ પગલા લેવાયા છે જેથી તેમના માલિકીના અધિકારો તેમને મળ્યા છે.

## કર્ણાટક : માર્ગ દુર્ઘટનામાં ૨ ૨ મજુરોના થયેલા મોત

બેંગ્લોર,તા. ૧૬

કર્ણાટકના બેલગામ જિલ્લામાં આજે સવારે થયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ઓછામાં ઓછા ૨ ૨ લોકોના મોત થયા છે અને અન્ય કેટલાક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. મળેલી માહિતી મુજબ કેન્ટર ચીજવસ્તુના વાહનમાં આ લોકો મુસાફરી કરી રહ્યા હતા. હાઈવે ઉપર એક ચાર રસ્તા ઉપર આ વાહન પલટી ખાઈ જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ બનાવ આજે વહેલી પરોઢે ૫.૩૦ વાગે બન્યો હતો. એ વખતે આ વાહન ડ્રાઈવરે કાબૂ ગુમાવતા પલ્ટી ખાઈ ગયું હતું. હલકી ચાર રસ્તા ખાતે આ બનાવ બન્યો હતો. પોલીસ અધિકારીના કહેવા મુજબ આ વાહન યોગદીર જિલ્લાથી મહારાષ્ટ્રમાં સાવાદત્તી તરફ જઈ રહ્યું હતું. મહિલા અને બાળકો સહિત ૩૫ લોકો આમા મુસાફરી કરી રહ્યા હતા. જે પૈકી અન્ય ૧૪ લોકો ઘાયલ થયા છે જેમને સારવાર માટે ઘટના સ્થળથી પાંચ કિલોમીટરના અંતરે સ્થિત મૂરગુડ ખાતે ખસેડવામાં આવ્યા છે. આ વાહનમાં મુસાફરી કરી રહેલા મોટાભાગના યાત્રી મજૂરો હતા અને તેઓ સેવાદત્તી ખાતે દરરોજની નોકરી માટે જઈ રહ્યા હતા. યોગદિરમાં સુરુપુરથી આ લોકો વાહનમાં જઈ રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે કર્ણાટકમાં તાજેતરના દિવસમાં ઘણા માર્ગ અકસ્માતો થયા છે. બે દિવસ પહેલાં જ બેંગ્લોરથી મુંબઈ જતી વોલ્વો બસમાં ખોફનાક આગ ફાટી નીકળતા સાત લોકોના મોત થયા હતા. ૪૦ લોકો દાઝી ગયા હતા. કર્ણાટકના હાવેરી જિલ્લામાં કુનીમેલ્લી બ્રિજ નજીક રોડ ડિવાઈડર સાથે ટકરાયા બાદ વોલ્વો બસમાં આગ ફાટી નીકળી હતી. બે સપ્તાહ પહેલાં આંધ્રપ્રદેશમાં બૉંગ્લેરથી હૈદરાબાદ જતી બસમાં મહેબૂબનગર જિલ્લામાં રાષ્ટ્રીય હાઈવે ઉપર આગ ફાટી નીકળી હતી જેમાં ૪૫ ભડથું થઈ ગયા હતા. ટૂંકાગાળાની અંદર જ ત્રણ મોટા અકસ્માતો સર્જાતા તંત્રમાં પણ ચિંતાનું મોજું ફળી વળ્યું છે.

## સમાચાર ઝલક

- ♥ સેબી કંપનીઓ સંબંધી નવી માર્ગ રેખા બહાર પડશે.
- ♥ પાલીતાણામાં ૧૨મી ડિસેમ્બરે ૧૨ દિક્ષાર્થીઓનો દિક્ષા મહોત્સવ.
- ♥ સચિનની નિવૃત્તિ પર 'ઓનલાઈન શોપીંગ વેબસાઈટે' ધુમ પૈસા બનાવ્યા.
- ♥ વર્ષે ૧૦ લાખ કે તેથી વધુ આવકવાળા લોકો ઉપર ૩૫ ટકા ટેક્ષની જોગવાઈ રદ કરવા શિયાળુ સત્રમાં વિચારણા.
- ♥ હવ ક્રિકેટના ભગવાન-સચિનનું મંદિર પશ્ચિમ બંગાળમાં બનશે. ૭૦ લાખનું આયોજન.
- ♥ બીજી મહિલા વકીલે હિંમત દાખવી. સુપ્રીમ કોર્ટના જજ પર દુષ્કર્મનો આરોપ.
- ♥ ૧૯મી નવેમ્બરે ઈન્દિરા ગાંધીની જયંતિથી મુંબઈમાં મહિલા બેંકનો પ્રારંભ.
- ♥ ઠંડીથી કપાસને ફાયદો. ઘઉં, જીરૂ, લસણ ચણાનું વાવેતર.
- ♥ ડિસેમ્બરમાં અમદાવાદમાં શ્રી રમેશભાઈ ઓઝાના વ્યાસસ્થાને ગૌ કથાનું આયોજન.
- ♥ ઉન્નાવામાં ખજાનો ન મળ્યો-ખોદકામને સંકેલી લીધું.
- ♥ ફુગાવાનું વિષચક્ર યથાવત સરકાર-રીઝર્વ બેંકની તમામ ધારણાઓ ખોટી પાડતો ભાવવધારો.
- ♥ સૂરત રેલવે પોલીસે પાર્સલ ઓફીસમાંથી શખ્સો પાસેથી ગાંજો પકડાયો.
- ♥ ૧૫ નવેમ્બર ૧૯૮૯ના રોજ સચીન તેંડુલકરે ટેસ્ટમેચ રમવાનું શરુ કર્યું. ૧૫ નવેમ્બર ૨૦૧૩ના રોજ નિવૃત્તિ લીધો. અનોખો યોગાનુયોગ.
- ♥ મહાભારત ૩ડી એનિમેશન ફિલ્મ શરૂ થઈ.
- ♥ તામિલનાડુ-આંધ્રમાં વરસાદ સાથે વાવાઝોડાની ચેતવણી.
- ♥ હવે બાળકોમાં પણ હૃદય-કેન્સરનો ભયાનક વ્યાપ.
- ♥ સિધ્ધપુરમાં માતૃવંદના મહોત્સવ યોજાયો.
- ♥ કર્ણાટકમાં ટ્રક પલટી ખાતાં ૨૨નાં મોત.
- ♥ પહેલી ડીસેમ્બરથી ગુજરાતમાં મુંબઈ, દિલ્હીના ભાવે સી.એન.જી. મળશે.
- ♥ નારાયણ સાઈ માટે પાંચ લાખનું ઈનામ જાહેર કરતું તંત્ર.
- ♥ આજે ગુરૂનાનક જયંતિ, દેવદિવાળી જેવા તહેવારો ઉમંગભેર ઉજવાશે.
- ♥ શ્રી રામકથામાં શ્રી કૃષ્ણ કથાનું પણ મહત્વ : પૂ. મોરારી બાપુ